પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૬૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૩-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મારા પરિવારના કારણે મને નિશાન બનાવવામાં આવ્યો. પરંતુ હવે આખો દેશ કહી રહ્યો છે કે હું મોદીનો પરિવાર છું

### વંશવાદી પક્ષના ચહેરા અલગ-અલગ હોઈ શકે છે પરંતુ પાત્ર એક જ છે. તેના પાત્રમાં બે ચોક્કસ વસ્તુઓ છે, એક જૂઠ અને બીજી લૂંટ,વડાપ્રધાન

અદિલાબાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજેતેલંગાણાના અદિલાબાદમાં જાહેર સભાને સંબોધિત કરતા આરજેડી ચીફ લાલુ પ્રસાદ યાદવ પર વળતો પ્રહાર કર્યો હતો.વડાપ્રધાન મોદીએ કહ્યું કે મારા પરિવારના કારણે મને નિશાન બનાવવામાં આવ્યો. પરંતુ હવે આખો દેશ કહી રહ્યો છે કે હું મોદીનો પરિવાર છું. તેમણે વધુમાં કહ્યું કે, વંશવાદી પક્ષના ચહેરા અલગ-અલગ હોઈ શકે છે પરંતુ પાત્ર એક જ છે. તેના પાત્રમાં બે ચોક્કસ વસ્તુઓ છે, એક જૂઠ અને બીજી લૂંટ.મોદીએ કહ્યું, આજે આખા દેશમાં મોદીની ગેરંટી વિશે ખૂબ ચર્ચા થઈ રહી છે. મોદીની ગેરંટી એટલે મોદીની ગેરંટી પૂરી કરવાની ગેરંટી ટીઆરએસ બીઆરએસ બન્યા પછી જાણે તેલંગાણામાં કંઈ બદલાયું નથી. એવી જ રીતે, કોંગ્રેસ દ્વારા બીઆરએસને બદલવાથી કંઈપણ બદલાવાનું નથી. આ એ જ લોકો છે. તેઓ કાલે મને એમ પણ કહી શકે છે કે તમે ક્યારેય જેલમાં ગયા નથી, તેથી તમે રાજકારણમાં પ્રવેશી શકતા નથી.મોદીએ વધુમાં કહ્યું, 'મારું જીવન એક ખુલ્લી કિતાબ છે. હું મારા દેશવાસીઓ માટે જીવીશ એવું સપનું લઈને બાળપણમાં ઘર છોડ્યું હતું. મારી દરેક ક્ષણ ફક્ત તમારા માટે જ રહેશે. મારું કોઈ અંગત સ્વપ્ન નહિ હોય. તમારું સ્વપ્ન મારું સંકલ્પ હશે. તારા સપના પૂરા કરવા માટે હું મારું જીવન વિતાવીશ. દેશના કરોડો લોકો મને



પોતાનો માને છે. તેની સાથે તેના પરિવારના સભ્યની જેમ વર્તે. ૧૪૦ કરોડ દેશવાસીઓ, આ મારો પરિવાર છે.લાલુ યાદવે કહ્યું હતું કે, 'મોદી શું છે? આ દિવસોમાં તેઓ ભત્રીજાવાદ પર હુમલો કરી રહ્યા છે. એવું કહેવાય છે કે લોકો પરિવાર માટે લડી રહ્યા છે. તમારી પાસે કુટુંબ નથી. જ્યારે તમારી માતાનું અવસાન થયું, ત્યારે દરેક હિંદુ તેની માતાના શોક માટે મુંડન કરાવે છે. મને કહો કે તમે કેમ મુંડન ન કરાવ્યું ? તેઓ દેશમાં રામ-રહીમના અનુયાયીઓ વચ્ચે નફરત ફેલાવી રહ્યા છે.લોકસભાની ચૂંટણીને લઈને ભાજપે પ્રચાર પ્રસાર અભિયાન તેજ કર્યુ છે. તો બીજી તરફ વિવિધ રાજ્યોને વિકાસના કાર્યોની ભેટ પણ મળી રહી છે. ત્યારે આજથી ૧૦ દિવસ પીએમ મોદી દેશના ૧૨ રાજ્યોના પ્રવાસે છે. તેઓ આજે તેલંગણાના આદિલાબાદ પહોંચ્યા હતાં

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર, ભત્રીજાવાદ અને તુષ્ટિકરણમાં ડૂબેલા ભારતીય ગઠબંધનના નેતાઓ નર્વસ બની રહ્યા છે. હવે તેઓએ ૨૦૨૪ની ચૂંટણી માટે પોતાનો વાસ્તવિક ઢંઢેરો જાહેર કર્યો છે. હું તેમના પરિવારવાદ પર સવાલ ઉઠાવું છું ત્યારે આ લોકો હવે કહેવા લાગ્યા છે કે મોદીનો કોઈ પરિવાર નથી. આવતીકાલે તેઓ એમ પણ કહી શકે છે કે તમને ક્યારેય જેલની સજા થઈ નથી, તેથી તમે રાજકારણમાં પ્રવેશી ન શકો.પીએમ મોદીએ કહ્યું કે મારુ જીવન ખુલી પુસ્તક જેવુ છે. દેશવાસીઓ સારી રીતે ઓળખે છે. મારી પળપળની ખબર દેશ રાખે છે. હું મોડી રાત સુધી કામ કરુ છું તો દેશ મને કહે છે કે તમે આટલુ કામ ન કરો. આરામ કરો. એક સપનું લઈને બાળપણમાં ઘર છોડ્યુ હતું. એક સપનુ લઈને નીકળ્યો હતો કે હું દેશવાસીઓ માટે જીવીશ. મારી પળેપળ જનતા માટે હશે. મારુ કોઈ અંગત સપનુ નથી તમારા સપના એજ મારો સંકલ્પ હશે. એટલે જ હું કહુ છુ કે ૧૪૦ કરોડ દેશવાસી એજ મારો પરિવાર. દેશવાસીઓ મને ખૂબ પ્રેમ આપે છે.પીએમ મોદીએ કહ્યું કે જે વિકાસનું સપનું તેલંગણાના લોકોએ જોયુ હતું તેને પૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર દરેક પ્રકારનો પ્રયાસ કરી રહી છે. એનટીપીસીજીની બીજી યુનિટનું લોકાર્પણ થયુ છે. જેનાથી વીજળીની ઉત્પાદન ક્ષમતા વધશે. રેલવે લાઈનના ઈલેક્ટ્રીફિકેશનનુ કામ પુરુ થઈ ગયુ છે. આ ઉપરાંત બે નવા નેશનલ હાઈવેનું શિલાન્યાંસ થયુ છે. જેથી તેલંગણાના વિકાસના વધુ ગતિ મળશે.સભા સંબોધન કરતા તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં અમારી સરકારે તેલંગાણાના વિકાસ માટે મોટી રકમ ખર્ચી છે. અમારા માટે વિકાસનો અર્થ છે - ગરીબમાં ગરીબનો વિકાસ, દલિતો, વંચિતો, આદિવાસીઓનો વિકાસ. અમારા આ પ્રયાસોનું પરિણામ છે કે આજે ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, આ અમારી ગરીબ કલ્યાણકારી યોજનાઓને કારણે શક્ય બન્યું છે. આગામી ૫ વર્ષમાં વિકાસના આ અભિયાનને વધુ ઝડપથી આગળ વધારવામાં આવશે.પીએમ મોદીએ સભા સંબોધન કરતા કહ્યું કે ૩૦ થી વધુ વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાનું મને સૌભાગ્ય મળ્યુ છે. ૫૬ હજાર કરોડથી વધુના પ્રોજેક્ટ તેલંગણા સહિત દેશના અન્ય રાજ્યોમાં વિકાસનો નવો અધ્યાય લખશે.પીએમ નરેન્દ્ર મોદીએ અદિલાબાદમાં રૂ. ૫૬,૦૦૦ કરોડથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું હતું

વડા પ્રધાને કહ્યું કે 'છેલ્લા ૧૦

## કોંગ્રેસને લાગ્યો વધુ એક ઝટકો, દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાએ ધારાસભ્ય પદેથી આપ્યું

ગાંધીનગર,

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીને એક બાદ એક ઝટકા લાગી રહ્યાં છે. સવારે અંબરીશ ડેરે કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધું હતું.ત્યારબાદ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પોરબંદરથી ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધું છે. એટલે કે લોકસભા ચૂંટણી વધુ એક ઝટકો લાગ્યો છે. એક તરફ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાયયાત્રા ગુજરાતમાં પહોંચવાની છે, બીજીતરફ કોંગ્રેસના એક બાદ એક દિગ્ગજ નેતાઓ પાર્ટી છોડી રહ્યાં છે. પોરબંદરથી ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધુ છે. આજે સાંજે પાંચ કલાકે



અર્જુન મોઢવાડિયા વિધાનસભામાં અધ્યક્ષ શંકર ચૌધરીની ચેમ્બરમાં પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધું છે. અર્જુન મોઢવાડિયાએ ૨૦૨૨ની ચૂંટણીમાં પોરબંદર બેઠક પરથી ભાજપના બાબુ બોખિરિયાને હરાવી જીત મેળવી હતી.

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કુલ ૧૫૬ સીટો મેળવી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીને ૧૭ સીટો મળી હતી. કોંગ્રેસના ૧૭ ધારાસભ્યોમાંથી બે ધારાસભ્યો પહેલા રાજીનામા આપી ચુક્યા છે. હવે પોરબંદરથી ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ પોતાના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધું છે. એટલે કે હવે કોંગ્રેસ પાર્ટી પાસે માત્ર ૧૪ ધારાસભ્યો રહ્યાં છે.

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને હવે ગણતરીના દિવસો બાકી છે, તે પહેલા ભાજપ કોંગ્રેસનો સફાયો કરી રહ્યું છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પક્ષપલટો કરીને કેસરિયો કરી રહ્યાં છે. અંબરીશ ડેર અને અર્જુન મોઢવાડિયા જવાથી કોંગ્રેસની વોટબેંકને ફટકો પડશે.

કોંગ્રેસના નેતાઓના ભાજપમાં જોડાવા અંગે શક્તિસિંહ ગોહીલએ કહ્યું કે, દીકરાને મોટા કર્યા બાદ એની જવાબદારી બને કે ઘડપણમાં માં-બાપની સેવા કરે. અમારા નેતા ત્યાં જઈ ભાજપ નેતાઓની પાલખી ઉપાડતા હોય તો અમને ચિંતા થાય. ભાજપ અમારા નેતાઓને મંત્રી અને સાંસદ બનાવે છે. ભાજપની શું મજબૂરી છે કે અમારા નેતાઓને ત્યાં ઉચ્ચ સ્થાન આપે છે. આ ભાજપના પેજ પ્રમુખોનું અપમાન છે.

## અબુ ધાબીના હિંદુ મંદિરે બનાવ્યો નવો રેકોર્ડ, એક દિવસમાં ૪૦,૦૦૦ ભક્તો દર્શને આવ્યા

દુબઈ,

અબુધાબીના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં દરરોજ હજારો ભક્તો દર્શન માટે ઉમટી રહ્યા છે. આ મંદિર ૧ માર્ચથી સામાન્ય ભક્તો માટે ખોલવામાં આવ્યું છે. એવા અહેવાલો છે કે આ મંદિરમાં એક દિવસમાં લગભગ ૪૦,૦૦૦ ભક્તો દર્શન માટે આવે છે. તસવીરોમાં પણ મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોઈ શકાય છે. આ મંદિરનું ઉદ્ઘાટન ૧૪ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું.પીએમ મોદીએ આ મંદિરના નિર્માણ માટે યુએઈના રાષ્ટ્રપતિ



મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનનો પણ આભાર માન્યો હતો. અબુ ધાબીમાં આ પ્રકારનું પ્રથમ હિન્દુ મંદિર છે.

અબુ ધાબીનું હિન્દુ મંદિર ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. દુબઈ-અબુ ધાબી શેખ ઝાયેદ હાઈવે પર અલ રહબા પાસે ૨૭ એકર વિસ્તારમાં અંદાજે ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ મંદિર બનાવવામાં આવ્યું છે. મંદિર માટે જમીન યુએઈ સરકારે દાનમાં આપી છે.

અબુધાબીનું પહેલું હિન્દુ મંદિર નાગર શૈલીમાં બનેલું છે. એ જ રીતે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું છે. મંદિરના સ્વયંસેવક ઉમેશ રાજાના જણાવ્યા અનુસાર, રાજસ્થાનમાં ૨૦ હજાર ટનથી વધુ ચૂનાના પત્થરો કોતરીને ૭૦૦ કન્ટેનરમાં અબુ ધાબી લાવવામાં આવ્યા હતા.

આ મંદિર સોમવાર સિવાય તમામ દિવસોમાં સવારે ૯ થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.બીએપીએસના આંતરરાષ્ટ્રીય સંબંધોના વડા સ્વામી બ્રહ્મવિહારીદાસે કહ્યું હતું કે, "અહીં સ્થાપત્ય પદ્ધતિઓને વૈજ્ઞાનિક તકનીકો સાથે જોડવામાં આવી છે.

## મધ્ય ગુજરાતમાં મોડી રાતે બે અકસ્માતમાં ૭ લોકોના મોત, એક જ પરિવારના પાંચને મોત આવ્યું



અમદાવાદ,

વડોદરામાં ગઈકાલે મોડી રાત્રે નેશનલ હાઈવે પર થયેલ અકસ્માતમાં એક જ પરિવારના ૫ સભ્યોના મોત નિપજ્યા છે. જામ્બુવાથી તરસાલી તરફ કારમાં જઈ રહેલા પટેલ પરિવારને અકસ્માત નડ્યો હતો. રોડની સાઈડમાં ઉભેલ કન્ટેનરમાં કાર પાછળથી અથડાઈ હતી. પાટીદાર પરિવાર સુરતથી વડોદરા તરફ આવી રહ્યો હતો. ત્યારે આ અકસ્માતમાં ૧ વર્ષના બાળક સહિત ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે.

અકસ્માતમાં ૪ વર્ષની બાળકી અસ્મિતા પટેલનો આબાદ બચાવ થયો છે. અકસ્માતની જાણ થતાં મકરપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી. ફાયર બ્રિગેડને પણ મદદ માટે બોલાવાઈ હતી. હાઈવે પર રોડની સાઈડમાં ઉભા રહી જતા મોટા વાહનો લોકોના જીવ લઈ રહ્યા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલામાં પ્રજ્ઞેશભાઈ પટેલ, ઉં.વ. ૩૪,મયુરભાઈ પટેલ, ઉં.વ. ૩૦,ઉર્વશિબેન પટેલ, ઉં.વ. ૩૧,ભૂમિકાબેન પટેલ, ઉં.વ. ૨૮,લવ પટેલ, ઉં.વ. ૧,અકસ્માતમાં બચી જનાર અસ્મિતા પટેલ, ઉં.વ. ૪નો સમાવેશ થાય છે

ખેડાની નડિયાદ પીજ ચોકડી બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ટ્રક અને લાકડા ભરેલ ટ્રેક્ટર વચ્ચે ભીષણ અકસ્માતમાં ટ્રેક્ટરના ડ્રાઈવર અને ક્લીનરનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. લાકડા ભરેલ ટ્રેક્ટરની પાછળ ટ્રક અથડાતાં મોટો અકસ્માત સર્જાયો હતો. ટ્રેક્ટરની પાછળ ટ્રક ચાલકે ટક્કર મારતાં લાકડા ભરેલ ટ્રેક્ટર હાઈવે પર પલ્ટી મારી ગયું હતું.

અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ, હાઈવે પેટ્રોલિંગની ટીમ અને વસો પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માત થતાં જ ટ્રક ડ્રાઈવર હાઈવે પર ટ્રક મૂકી ફરાર થયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, મહારાષ્ટ્ર પાર્સિંગની ટ્રક વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી તે દરમિયાન આ ઘટના બની હતી. વસો પોલીસે ટ્રેક્ટરમાં સવાર બન્ને મૃતક વ્યક્તિઓ ક્યાંના છે તેની તપાસ શરૂ કરી છે.

## આર્થિક સંકટ વચ્ચે, શાહબાઝ શરીફે બીજી વખત દેશની બાગડોર સંભાળી, રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યા



ઈસ્લામાબાદ,

પીએમએલ-એન પ્રમુખ શહેબાઝ શરીફે સોમવારે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. વર્ષ ૨૦૨૨ બાદ તેમણે બીજી વખત દેશની બાગડોર સંભાળી છે. રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ આઈવાન-એ-સદર (પ્રેસિડેન્ટ હાઉસ) ખાતે આયોજિત સમારોહમાં તેમને પદના શપથ લેવડાવ્યા હતા.

આ સમારોહમાં ત્રણેય સેનાના વડાઓ, વરિષ્ઠ અધિકારીઓ, રાજદ્વારીઓ, અગ્રણી ઉદ્યોગપતિઓ, નાગરિક સમાજના સભ્યો અને મીડિયા સંસ્થાઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે કાર્યવાહક વડાપ્રધાન અનવર ઉલ હક કાકર પણ હાજર હતા. સમારોહની શરૂઆત પવિત્ર કુરાનની પઠનથી થઈ હતી. જે બાદ શાહબાઝ શરીફે શપથ લીધા હતા.

શપથ ગ્રહણ સમારોહમાં ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફ, પંજાબના મુખ્ય પ્રધાન મરિયમ નવાઝ અને અન્ય પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના કાર્યકરો હાજર હતા. શહેબાઝ શરીફ અગાઉ એપ્રિલ ૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૩ સુધી પાકિસ્તાન ડેમોક્રેટિક મૂવમેન્ટ ગઠબંધન સરકારમાં વડા પ્રધાન હતા.

રાષ્ટ્રપતિ અલ્વીએ ૨૦૨૨માં શાહબાઝ શરીફને શપથ લેવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ સેનેટ અધ્યક્ષ સાદિક સંજરાણીએ તેમને પદના શપથ લેવડાવ્યા હતા. અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા ઈમરાન ખાનની સરકારને પછાડ્યા બાદ શાહબાઝ પ્રથમ વખત વડાપ્રધાન બન્યા હતા. રાષ્ટ્રપતિ બનતા પહેલા અલ્વી ઈમરાનની પીટીઆઈ પાર્ટીના વરિષ્ઠ નેતા હતા.

આ શપથ ગ્રહણ સમારોહ પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી વચ્ચે સત્તાની વહેંચણી પર સહમત થયાના દિવસો બાદ થઈ રહ્યો છે. રવિવારે, શહેબાઝ શરીફે વિપક્ષના નારા વચ્ચે નવી ચૂંટાયેલી સંસદમાં બહુમતી મેળવી હતી. પીએમએલ એન અને પીપીપીના ઉમેદવાર શેહબાઝને ૩૩૬ સભ્યોની સંસદમાં ૨૦૧ મત મળ્યા હતા. જ્યારે તેમના હરીફ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના ઓમર અયુબ ખાનને ૯૨ વોટ મળ્યા હતા. વોટ હેરાફેરીના આરોપો વચ્ચે ૮ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં પીએમએલ એનને સ્પષ્ટ બહુમતી મેળવી શકી નથી. પાર્ટીને ૭૫ બેઠકો મળી હતી.

## ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી મળી

લખનૌ,

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌના પોલીસ કંટ્રોલ રૂમમાં આવેલા એક કોલથી ખળભળાટ મચી ગયો હતો. આ કોલમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસ આ કેસની તપાસમાં વ્યસ્ત છે. આ કોલ શનિવારે પોલીસ કંટ્રોલ રૂમના સીયુજી નંબર પર આવ્યો હતો. આ પછી, કંટ્રોલ રૂમમાં તૈનાત હેડ કોન્સ્ટેબલે તરત જ ધમકીભર્યા નંબર વિશે ફરિયાદ નોંધાવી હતી.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. લખનૌના પોલીસ કંટ્રોલ રૂમમાં સીયુજી નંબર પર કોલ આવ્યો હતો. જેમાં એક અજાણ્યા યુવકે સીએમ યોગીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ મામલે લખનૌ કોતવાલીમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

નોંધાયેલી એફઆઈઆર મુજબ, ફરિયાદી હેડ કોન્સ્ટેબલ ઉધમ સિંહે જણાવ્યું કે પોલીસ કંટ્રોલ રૂમમાં એક કોલ આવ્યો હતો. જેમાં એક અજાણ્યા યુવકે કહ્યું કે સીએમ યોગી આદિત્યનાથને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ પ્રકારનાં ભેદી ફોન કોલથી સમગ્ર વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. આવો કોલ કરીને પોલીસ કંટ્રોલ રૂમને ધમકી આપનાર વ્યક્તિની ઝડપી શોધખોળ હાથ ધરી છે.

જો કે આ કંઈ પહેલી વખત નથી કે મુખ્યમંત્રીને આ પ્રકારનો ફોન આવ્યો હોય. આ પહેલા પણ સીએમ યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી મળી ચૂકી છે. ગયા વર્ષે પણ એક યુવકે સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ દ્વારા મુખ્યમંત્રીને મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારબાદ પોલીસે તેની મુંબઈથી ધરપકડ કરી હતી. આરોપી ભદોહીનો રહેવાસી હતો. ધમકી બાદ સીએમ યોગીની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. તો બીજી તરફ પોલીસ આરોપીનો નંબર ટ્રેસ કરીને તેને શોધવામાં વ્યસ્ત છે. પોલીસનું કહેવું છે કે આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

## આબોહવા પરિવર્તનને કારણે ભારતમાં ૩૦ લાખ બાળકો સમય પહેલા જન્મે છે

નવીદિલ્હી,

આબોહવા પરિવર્તનના કારણે ઊંચા તાપમાનના સંપર્કમાં આવવાથી બાળકો સમય પહેલા જન્મવાનું જોખમ ૬૦ ટકા વધી ગયું છે. ફ્લિંડર્સ યુનિવર્સિટી સાથે સંકળાયેલા સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં સામે આવ્યું છે કે ભારતમાં દર કલાકે સરેરાશ ૩૪૫ નવજાત શિશુ સમય પહેલા જન્મી રહ્યા છે, જે તેમના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો સાબિત થઈ રહ્યું છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૦માં ભારતમાં ૩૦ લાખથી વધુ બાળકોનો સમય પહેલા જન્મ થયો હતો. દેશમાં અકાળ જન્મનો દર ૧૩ ટકા નોંધાયો છે. એટલે કે દર ૧૩મું બાળક સમય પહેલા જન્મે છે. આશ્ચર્યની વાત એ છે કે વિશ્વમાં દરેક પાંચમુ પ્રિમેચ્યોર બાળક ભારતીય છે. ૨૦૨૦ દરમિયાન વૈશ્વિક સ્તરે જન્મેલા ૨૨ ટકાથી વધુ પ્રિમેચ્યોર બાળકો ભારતીય હતા.

સંશોધકોના મતે, આના કારણે, પહેલા કરતા વધુ માતાઓએ તેમના નવજાત શિશુઓ સાથે ડોકટરો અને હોસ્પિટલોની મુલાકાત લેવી પડી રહી છે. સમગ્ર વિશ્વમાં બાળકો આનો સામનો કરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે દર બે સેકન્ડે એક નવજાત સમય પહેલા જન્મે છે. તેવી જ રીતે, દર ૪૦ સેકન્ડે આમાંથી એક બાળક મૃત્યુ પામે છે.

સાયન્સ ઓફ ધ ટોટલ એન્વાયર્નમેન્ટ જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, સમય પહેલા જન્મ લેવાના ભવિષ્યમાં ખતરનાક પરિણામો આવી શકે છે અને બાળકોને પુખ્તવય સુધી પહોંચે ત્યાં સુધી સ્વાસ્થ્ય સંબંધિત ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડી શકે છે. ગર્ભાવસ્થાના ૩૭ અઠવાડિયા પહેલા ગર્ભનો જન્મ થાય ત્યારે અકાળ જન્મ કહેવાય છે. જો ગર્ભાવસ્થાના ૪૦ અઠવાડિયા પછી બાળકનો જન્મ થાય છે, તો તે જન્મ સામાન્ય માનવામાં આવે છે. સંશોધકોએ ભારપૂર્વક જણાવ્યું છે કે બાળકોના ભવિષ્યને આબોહવા સંબંધિત રોગોથી બચાવવા માટે તાત્કાલિક પગલાંની જરૂર છે.

## ગુજરાતમાં વધુ એક નકલી ટોલનાકું ઝડપાયું! ભુજ-નલિયા હાઈવે પર ટોલ પ્લાઝાની બાજુમાં ખાનગી રોડ પર કૌભાંડ

ભુજ,

ગુજરાતમાં થોડા દિવસો અગાઉ જ વાંકાનેર-મોરબી હાઈવે પર નકલી ટોલનાકાનું કૌભાંડ સામે આવ્યું હતું. ત્યારે હવે રાજ્યમાં વધુ એક નકલી ટોલાનાકાનો પર્દાફાશ થયો છે. ઘટના સામે આવતા જ તંત્ર દોડતું થયું છે. કચ્છના ભુજ-નલિયા રોડ પર આવેલા ટોલનાકાની નજીક એક ખાનગી જમીન પર ખાનગી રોડ બનાવી દેવાયો છે. સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો છે કે, આ સમગ્ર નકલી ટોલ પ્લાઝાની રમત રાજકીય નેતાઓના ઈશારે ચાલી રહી છે.

ભુજ-નલિયા હાઈવે પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. ખાસ કરીને અહીંથી પવનચક્કીની મોટી ટ્રકો, મીઠાની ટ્રકો સહિતના અનેક વાહનો આ રોડ પરથી પસાર થાય છે. મળતી માહિતી અનુસાર, અહીં કેટલાક લોકો અસલી ટોલ પ્લાઝાથી ૨૦૦ મીટર દૂર ઉભા રહેતા હતા, જે લોકો ત્યાંથી પસાર થતા વાહનચાલકોને નકલી ટોલ પ્લાઝા પરથી જવા માટે કહેતા હતા. આવી જ રીતે આ સમગ્ર કૌભાંડ ચાલી રહ્યું છે. મહત્વનું છે કે, અગાઉ ગુજરાતમાં ગત વર્ષે ડિસેમ્બરમાં વાંકાનેર-મોરબી હાઈવે પર નકલી ટોલનાકું પકડાયું હતું. પોલીસે પણ સરકારની સૂચના બાદ આ કેસમાં ખૂબ જ કડક કાર્યવાહી કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ટોલનાકા નજીક કેટલાક લોકો પૈસા લઈને ખાનગી રોડ પરથી રાત્રે ભારે વાહનોને પસાર થવા દેવામાં આવે છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, મોટા વાહનોના ચાલકોએ નિર્ધારિત ટોલ ટેક્સ ભરવો પડતો નથી. એટલા માટે નકલી ટોલ પ્લાઝાની વૈકલ્પિક વ્યવસ્થા કરીને બીજો રસ્તો બનાવવામાં આવ્યો છે. લોકોનો આક્ષેપ છે કે વાહનો પસાર કરવા માટે ગેરકાયદેસર રીતે નાણાં વસૂલવામાં આવે છે જેના કારણે સરકારી તિજોરીને કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. નવાઈની વાત એ છે કે આ બાબત આજ સુધી કોઈના ધ્યાને કેમ ન આવી?. જોકે આ મામલે જિલ્લા પ્રશાસન તરફથી તપાસના આદેશ અપાયા છે. વહીવટીતંત્રનું કહેવું છે કે મામલાની તપાસ કરાશે અને જવાબદારો સામે કાર્યવાહી કરાશે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# કડાણા તાલુકાના ઘોડીયાર અને નિંદકા ઉત્તર પ્રા.શાળામાં મધ્યાહન ભોજનમાં જીવાતવાળા અનાજને સાફ કરી ધોઇ ખવડાવવા સંચાલકો મજબુર



કડાણા,

મહિસાગર જીલ્લાના કડાણા તાલુકાના ઘોડીયાર અને નિંદકા ઉત્તર પ્રાથમિક શાળામાં ચણાની દાળમાં જીવાત જોવા મળી. સંચાલકો જીવાતવાળા અનાજને ધોઈને બાળકોને ખવડાવવા મજબુર બન્યા.

મહિસાગર જીલ્લાના કડાણા તાલુકાના ઘોડીયાર અને નિંદકા ઉત્તર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પોષણયુકત ખોરાક મળી રહે તે માટે સપ્તાહમાં બે દિવસ કઠોડ આપવાની વ્યવસ્થા છે. આ બન્ને શાળાઓમાં પુરવઠા વિભાગ માંથી આપવામાં આવતાં ચણાની દાળના જથ્થો જીવાતવાળા હોય જેને લઈ આ જીવાતવાળા અનાજને સાફ કરી ધોઈને બાળકોને ખવડાવવા માટે સંચાલકો મજબુર બન્યા છે. મધ્યાહન ભોજન સંચાલકો દ્વારા અનેકવખત મૌખિક રજુઆત કરવામાં આવી છે. તેમ છતાં પુરવઠા વિભાગ દ્વારા કાર્યવાહી કરાઈ નથી. મહિસાગર જીલ્લામાં કયાં સુધી પોષણયુકત આહારના નામે જીવાતવાળું અનાજ આપવામાં આવશે.

# મહીસાગર ભાજપ મહિલા મોરચા દ્વારા નારી શક્તિ વંદન મેરેથોન દોડ યોજાઈ



ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા શક્તિ વંદન દોડ, શક્તિ વંદન યાત્રા સહીત ૪ માર્ચથી ૬ માર્ચ ત્રિદિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે મહીસાગર જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ક્રિસ્ટલ કેમ્પસ મોટાસોનેલા ખાતે નારી શક્તિ વંદન મેરેથોન દોડ રન ફોર નેશન રન ફોર મોદી યોજાઈ હતી જેમાં મહિલા અગ્રણીઓ સહીત નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દોડમાં વિજેતા મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, મહિલા મોરચા જિલ્લા પ્રમુખ નિશાબેન સોની, શક્તિ વંદન કાર્યક્રમના ઈન્ચાર્જ હેમલતાબેન ભોઈ, સહ કન્વીનર મનુભાઈ પટેલ, હિમાંશુભાઈ શાહ, મુળજીભાઈ રાણા, સમીરભાઈ મહેતા, મહામંત્રી લીલાબેન પટેલ, મણીબેન ભમાત, પૂર્વ પાલિકા પ્રમુખ ભાવનાબેન મહેતા, અમીબેન, ભાવના બેન પટેલ, મધુબાલાબેન સહીત અગ્રણી મહિલા કાર્યકરો અને નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી

# બાલાસિનોર તાલુકામાં લગ્નોમાં દેખા દેખીના રવાડે ચડી ઘણા પરિવારો દેવાદારબની રહ્યા છે

**ઘણા સમાજો લગ્નમાં પંદર લાખ થી પણ વધુ કરે છે ખર્ચો.**



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાનામાં લગ્ન સિજન ચાલી રહ્યો છે. સમાજમાં લગ્નમાં મોટા મોટા ખર્ચ કરવામાં આવી રહ્યા છે, ત્યારે લગ્ન દરમિયાન લગભગ એવા કેટલાય સમાજના રિવાજો છે.

પ્રાપ્ત વિગતો મુજબ પંદર લાખ રૂપિયા થી વધુ ખર્ચો કરે છે. જેમાં દેખાદેખીના કારણે નાના પરિવારને રિવાજો લગ્નમાં ખર્ચો કરી દેવામાં ડૂબી રહ્યા છે. લગ્નમાં મંડપ, જમણવાર, ફોટોગ્રાફી, ગાડીઓ પાછળ અઢળક રૂપિયા ખર્ચે લોકોને દેખાડવામાં આવી રહ્યું છે, પરંતુ મોટા મંડપ, જમણવાર, ફોટો ગ્રાફી, પ્રીવડિંગ, બેન્ટ વાજા ગાડીઓમાં અઢળક ખર્ચો કરે છે. લોકોના લીધે નાના પરિવારના લોકો અત્યારે દેવું કરી ખર્ચ કરતા હોય છે. જેમાં ભપકા દાર લગ્નમાં લોકોએ ખુબ ખર્ચા કરવા પડતા હોય છે નાના પરિવારો પણ દેખા દેખીમાં પાછળ ધકેલાઈ જાય છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે બ્રહ્માકુમારીઝ અને વી કલબનના સંયુકત ઉપક્રમે મહિલા સંમેલન યોજાયું

ગોધરા,

૮મી માર્ચ-૨૦૨૪ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને વી કલબ ગોધરાના સંયુકત ઉપક્રમે મહિલા સંમેલન બ્રહ્મકુમારીઝ સેવા કેન્દ્ર ગોધરા ખાતે તા. ૫/૩/૨૦૨૪નારોજ યોજાયું હતું.

૮મી માર્ચ-૨૪ના રોજ મહાશિવરાત્રીનું પર્વ હોઈ, મહિલા સંમેલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમની શરૂઆત બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનો પરિચય બ્ર.કુ.મયુરીબેન સોનીએ આપી કરી હતી.કાર્યક્રમમાં વી કલબ ગોધરાના ડિસ્ટીકટ પ્રેસિડેન્ટ મનીષાબેન માણકે, એરીયા સેક્રેટરી હર્ષાબેન પંચાલ,કલબ ગોધરાના પ્રેસિડન્ટ અમીબેન દેસાઈ, આર્ટ ઓફ લીવીંગ તથા રવિશંકર વિદ્યામંદિરના પ્રમુખ મંજુબેન નાગર તથા એલ.એલ.એમ. ગોલ્ડ મેડાલીસ્ટ જલ ચોકસી, તથા રાજેબેને ખાસ ઉપસ્થિત રહી પ્રાસંગ્રિક પ્રવચન કર્યા હતા.

કાર્યક્રમમાં પંચમહાલ, દાહોદ અને મહિસાગર બ્રહ્માકુમારીઝના મુખ્ય સંચાલિકા રાજયોગીની બ્રહ્માકુમારી સુરેખા દીદીએ મહિલા ઉત્થાન માટે બહેનોને પ્રેરિત કર્યા હતા અને રાજયોગની ગહન અનુભૂતિ કરાવી હતી. શહેરા બ્રહ્માકુમારીઝના રતનદીદીએ પણ નારી કોઈ પણ ક્ષેત્રે પાછળ નથી તેમ કહી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ઉદાહરણ આપી મહિલાઓને આગળ વધવા આહવાન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં માહિતીખાતાના નિવૃત્ત સહાયક માહિતી નિયામક કલ્પનાબેન પટેલે ગૃહસ્થ વ્યવહારમાં રહી આધ્યાત્મિક ક્ષેત્રે પણ કેમ આગળ વધી શકાય તેનો અનુભવ વ્યકત કર્યો હતો.સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન બ્રહ્માકુમારી ઈલાદીદી, બ્રહ્માકુમારી સોનલદીદી અને રાજેબેને કર્યું હતું.

# મહારાષ્ટ્રમાં ભાજપ શિંદે જૂથને ૧૨ બેઠકો આપવા માંગે છે, એકનાથ ૧૮ બેઠકોની માં કરી રહ્યા છે.

મુંબઈ

લોકસભા ચૂંટણી ૨૦૨૪: મહારાષ્ટ્રમાં નેશનાલિસ્ટ ડેમોક્રેટિક એલાયન્સમાં સીટ વહેંચણીનો મુદ્દો અટવાયેલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ મહારાષ્ટ્રની ૪૮ બેઠકોમાંથી ૩૦ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે, જ્યારે શિવસેના શિંદે જૂથને ૧૨ બેઠકો અને અજિત પવાર જૂથને ૬ બેઠકો મળી શકે છે. પરંતુ શિવસેના શિંદે જૂથના ઘણા નેતાઓ આ ફોર્મ્યુલાથી નારાજ છે. વાસ્તવમાં, શિવસેના શિંદે જૂથની માંગ છે કે તેને ઓછામાં ઓછી ૧૮ બેઠકોની જરૂર છે. ૨૦૧૯ની ચૂંટણીમાં અવિભાજિત શિવસેનાને માત્ર ૧૮ બેઠકો મળી હતી. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રમાં મૂંઝવણ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ ૧૦ બેઠકો માંગી છે. અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીના પ્રવક્તા અમોલ મિતકરીએ કહ્યું કે તેમની પાર્ટી પુણેમાં બારામતી સહિત ૧૦ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે.

મહારાષ્ટ્રમાં ૨૦૧૯ થી ઘણી વખત રાજકીય ઉથલપાથલ જોવા મળી છે. વર્ષ ૨૦૧૯ માં, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ ભાજપ સાથેનું જૂનું જોડાણ તોડી નાખ્યું, ત્યારબાદ શિવસેના અને શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એ પણ પક્ષોમાં વિભાજનનો સામનો કરવો પડ્યો.

શિવસેનાના મોટાભાગના ધારાસભ્યો હવે મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે છે જેમણે ભાજપ સાથે હાથ મિલાવ્યા છે. આ ઉપરાંત, અજિત પવાર, તેમના સમર્થક પક્ષના ધારાસભ્યો સાથે, ગયા વર્ષે શરદ પવારની આગેવાની હેઠળની એનસીપીથી અલગ થઈ ગયા અને શાસક ગઠબંધનમાં જોડાયા. આવી સ્થિતિમાં પક્ષોના વિભાજન બાદ સમીકરણોમાં આવેલા બદલાવને કારણે બેઠકોની વહેંચણી મુશ્કેલ બની ગઈ છે.

ભાજપે તત્કાલીન અવિભાજિત શિવસેના સાથે મળીને ૨૦૧૯માં ૪૧ બેઠકો જીતી હતી અને આ વખતે ભાજપે તેના નેશનાલિસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ માટે ૪૫ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. દરમિયાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ આવતીકાલે મુંબઈમાં રાજ્યના મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ સાથે બેઠક કરી શકે છે.

# સ્વરાજે ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી કોર્ટમાં ભાગેડુ ઉદ્યોગપતિ લલિત મોદીનુંપ્રતિનિધિત્વ પણ કર્યુંછે,આપ

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીએ રવિવારે ભારતીય જનતા પાર્ટી પર બંસુરી સ્વરાજને લોકસભા ચૂંટણીમાં નવી દિલ્હી બેઠક પરથી તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવા પર પ્રહારો કર્યા હતા અને દાવો કર્યો હતો કે સ્વરાજે વકીલ તરીકે પ્રતિનિધિત્વ કર્યું છે. કોર્ટમાં રાષ્ટ્ર. વિરોધી દળોનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. બાંસુરી સ્વરાજે આ આરોપો પર દિલ્હીના શાસક આપ પર વળતો પ્રહાર કર્યો અને તેના ઉમેદવાર પર પ્રશ્નો ઉઠાવ્યા.

દિલ્હી સરકારના શિક્ષણ મંત્રી આતિશીએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ભાજપના દિવંગત નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સુષ્મા સ્વરાજની પુત્રી બાંસુરી સ્વરાજે કોર્ટમાં રાષ્ટ્રવિરોધી શક્તિઓનો પક્ષ લેવા બદલ દેશની જનતાની માફી માંગવી જોઈએ. આતિશીએ એવી પણ માંગ કરી હતી કે ભાજપે નવી દિલ્હી સીટ પરથી બાંસુરીની જગ્યાએ બીજા કોઈને પોતાનો ઉમેદવાર બનાવવો જોઈએ. આતિશીએ આરોપ લગાવ્યો કે, "બંસુરી સ્વરાજે નવી દિલ્હી લોકસભા મતવિસ્તારમાંથી મીનાક્ષી લેખીનું સ્થાન લીધું છે. તેમણે અદાલતોમાં દેશ વિરોધી શક્તિઓનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે ચંદીગઢના મેયરનું પ્રતિનિધિત્વ કર્યું, જેઓ તાજેતરની ચૂંટણીઓમાં કપટથી ચૂંટાયા હતા. સ્વરાજે ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી કોર્ટમાં ભાગેડુ ઉદ્યોગપતિ લલિત મોદીનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે.

તેમણે ભાજપને મતવિસ્તારમાંથી ઉમેદવાર બદલવાની પણ માંગ કરી હતી. આતિશીના આરોપોનો વિરોધ કરતા, બાંસુરી સ્વરાજે આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર પણ સવાલો ઉઠાવ્યા હતા, જેમને શનિવારે રાજેન્દ્ર નગરમાં તેમના જ પક્ષના કાર્યકર દ્વારા કથિત રીતે માર મારવામાં આવ્યો હતો.આપના આરોપોનો જવાબ આપતા બંસુરીએ કહ્યું કે, "હું આમ આદમી પાર્ટીને પૂછવા માંગુ છું - તમે શનિવારે રાજેન્દ્ર નગરમાં તેના જ કેડર દ્વારા માર્યા ગયેલા ઉમેદવારને શા માટે ઉતાર્યા?",

બીજેપી નેતાએ કહ્યું, "તેઓએ એવા ઉમેદવાર બનાવ્યા છે જે તેમના પોતાના પક્ષના સભ્યોને પસંદ નથી. તેઓ અમારા પર આરોપ લગાવી શકે છે પરંતુ જનતા તેમને ચૂંટણીમાં જવાબ આપશે." આમ આદમી પાર્ટીએ સોમનાથ ભારતીને નવી દિલ્હી સીટ પરથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

# "વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા પૂછપરછની જોગવાઈ નથી": અરવિંદ કેજરીવાલને ઈડીનો જવાબ

નવીદિલ્હી,

દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં ઈઙ્ઘએ અત્યાર સુધીમાં સીએમ અરવિંદ કેજરીવાલને આઠ સમન્સ મોકલ્યા છે. કેજરીવાલ આજે આઠમીએ સમન્સ પર પણ હાજર થયા ન હતાં તેમણે ઈડીને જવાબ મોકલ્યો અને ૧૨ માર્ચ પછીનો સમય માંગ્યો અને કહ્યું કે તે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જવાબ આપશે. તે જ સમયે, ઈડી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દિલ્હીના મુખ્યમંત્રીની પૂછપરછ કરવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પૂછપરછ કરવાની કોઈ જોગવાઈ નથી. ઈડી આ મામલે અરવિંદ કેજરીવાલની ગંભીરતાથી પૂછપરછ કરવા માંગે છે.

આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે અમારું સ્ટેન્ડ એક જ છે, સમન્સ ગેરકાયદે છે. ભાજપના લોકો લાંબા સમયથી કહેતા હતા કે અરવિંદ કેજરીવાલ સવાલોના જવાબ કેમ નથી આપી રહ્યા. અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યું કે તેમને પ્રશ્નોના જવાબ આપવામાં કોઈ સમસ્યા નથી, તેથી આ જવાબ ઈડીને મોકલ્યો છે. પહેલા તેણે લેખિતમાં પ્રશ્નોના જવાબ આપવાની વાત કરી અને હવે તેણે વીડિયો કોન્ફરન્સિંગની વાત કરી. જો ઈડીને આમાં પણ સમસ્યા હોય તો તેનો અર્થ એ છે કે ઈડી કાં તો અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવા માંગે છે અથવા તેમને અપમાનિત કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટમાં પણ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સુનાવણી થાય છે, તો શું ઈડી સુપ્રીમ કોર્ટ કરતા પણ મોટી થઈ ગઈ છે? તમને જણાવી દઈએ કે ઈડીના આઠમા સમન્સના જવાબમાં અરવિંદ કેજરીવાલે પણ કહ્યું હતું કે જો કે આ સમન્સ ગેરકાયદેસર છે, તેમ છતાં તેઓ જવાબ આપવા માટે તૈયાર છે.આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે અમારું સ્ટેન્ડ એક જ છે, સમન્સ ગેરકાયદે છે. ભાજપના લોકો લાંબા સમયથી કહેતા હતા કે અરવિંદ કેજરીવાલ સવાલોના જવાબ કેમ નથી આપી રહ્યા. અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યું કે તેમને પ્રશ્નોના જવાબ આપવામાં કોઈ સમસ્યા નથી, તેથી આ જવાબ ઈઙ્ઘને મોકલ્યો છે. પહેલા તેણે લેખિતમાં પ્રશ્નોના જવાબ આપવાની વાત કરી અને હવે તેણે વીડિયો કોન્ફરન્સિંગની વાત કરી. જો ઈઙ્ઘને આમાં પણ સમસ્યા હોય તો તેનો અર્થ એ છે કે ઈઙ્ઘ કાં તો અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવા માંગે છે અથવા તેમને અપમાનિત કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટમાં પણ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સુનાવણી થાય છે, તો શું ઈડી સુપ્રીમ કોર્ટ કરતા પણ મોટી થઈ ગઈ છે?આપે એક નિવેદન જારી કરીને કહ્યું કે ઈડીનો હેતુ તપાસ કરવાનો નથી. ભાજપ સંપૂર્ણ રીતે ખુલ્લું પડી ગયું છે. મુખ્યમંત્રી જવાબ આપવા તૈયાર છે તો ઈડી પૂછપરછ કેમ નથી કરી રહી? તેમનો હેતુ તપાસ કરવાનો નથી. તેમનો ઉદ્દેશ્ય ચૂંટણીની વચ્ચે અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવાનો છે. કેન્દ્ર સરકારે વીડિયો કોન્ફરન્સ દ્વારા તપાસ કરાવવી જોઈએ. પૂછપરછનું લાઈવ ટેલિકાસ્ટ થવું જોઈએ.તમને જણાવી દઈએ કે આ દારૂની નીતિમાં ગેરરીતિનો મામલો છે. વાસ્તવમાં, ઈડી અને સીબીઆઈ દિલ્હીની દારૂની નીતિની તપાસ કરી રહી છે. તેના મુસદ્દામાં અને દારૂની નીતિના અમલીકરણમાં અનિયમિતતાના આક્ષેપો છે. આ કેસમાં આપ નેતા મનીષ સિસોદિયા અને સંજય સિંહ જેલમાં છે.

# આપની આજ.......

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

વૃષભ: પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે અને શરીરની પીડાના કારણે વધુ ખર્ચા થઈ શકે છે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

મિથુન: આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો. વાણી ઉપર સંયમ ના રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે.

કર્ક: આજનો દિવસ પરોપકાર્યમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે.

સિંહ: આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ફસાઈ શકે છે. આજે કોર્ટમાં જવું પડી શકે છે. જોકે, તમને આમાં સફળતા મળશે.

કન્યા: પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

તુલા: આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે. વધુ પડતી ભાગદોડને લીધે, પ્રતિકૂળ હવામાનની અસર સ્વાસ્થ્ય પર થઈ શકે છે, સાવચેત રહો.

વૃશ્ચિક: વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

ધન: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી, કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો. સાંજથી રાત સુધી વાહનોના ઉપયોગમાં સાવધાની રાખવી.જીવનસાથીનો સહયોગ મળશે, કોઈપણ મનોકામના પૂર્ણ થઈ શકે છે.

મકર: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખની સમસ્યાની સંભાવના છે.

કુંભ: આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી પાછળથી પસ્તાવો આવી શકે છે.

મીન: આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુ:ખાવો બની રહેશે. દાંપત્ય જીવનમાં ખુશાલી રહેશે. સાંજથી રાત્રિ સુધીનો સમય દર્શન અને પ્રિયજનો સાથે આનંદમાં વિતાવશો.

# વરસાદ અને હિમવર્ષાથી ઠંડીમાં તબાહી : જમ્મુ,યુપી,હરિયાણામાં ૧૨ લોકોના મોત

નવીદિલ્હી,

ચાલુ ઠંડીમાં વરસાદ અને હિમવર્ષાએ પહાડોથી લઈને મેદાની વિસ્તારો સુધી કોહરામ મચાવ્યો છે. પહાડોમાં તોફાન સાથે ભારે વરસાદ અને હિમવર્ષા થઈ રહી છે, જયારે મેદાની વિસ્તારોમાં કરા પડવાથી સમસ્યા વધી છે. જમ્મુ-કાશ્મીર, હરિયાણા અને યુપીમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૧૨ લોકોના મોત થયા છે. હિમાચલ પ્રદેશમાં હિમસ્ખલનને કારણે ચેનાબ નદીનો પ્રવાહ બંધ થઈ ગયો છે.વરસાદ અને હિમવર્ષાને કારણે ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૫૦૦થી વધુ રસ્તાઓ બંધ છે. ભૂસ્ખલનને કારણે બીજા દિવસે પણ જમ્મુ-શ્રીનગર હાઈવે પર વાહનવ્યવહાર શરૂ થઈ શક્યો ન હતો. વરસાદ, વાદળો અને પવનને કારણે દિલ્હીમાં પણ હવામાન હળવું છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર પાકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે અને પંજાબ અને આસપાસના વિસ્તારોમાં નીચા દબાણનું ક્ષેત્ર છે. તેની અસરને કારણે હિમાચલ, લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષા થઈ હતી. ઉત્તારાખંડ, યુપી, બિહાર અને સિક્કિમમાં વાવાઝોડા સાથે કરા પડ્યા હતા. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ગુજરાત, વિદર્ભ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થયો હતો.

યુપીમાં ખરાબ હવામાન અને અતિવૃષ્ટિને કારણે સરસવ, વટાણા, મસૂર, ઘઉં અને ચણા જેવા પાકને નુકસાન થયું છે. સીએમ યોગી આદિત્યનાથે તેનો સર્વે કરીને ૨૪ કલાકમાં વળતર આપવાનો આદેશ આપ્યો છે. ૨ માર્ચ સુધી ૭,૦૨૦ ખેડૂતોએ વળતર માટે અરજી કરી છે.યુપીના રાહત કમિશનર નવીન કુમારે જણાવ્યું કે લખીમપુર ખેરી, હરદોઈ, સીતાપુર, ગોંડા અયોધ્યા અને શાહજહાંપુરમાં વીજળી પડવાથી છ લોકોના મોત થયા છે. ફરૂખાબાદ, કન્નૌજ, મુઝફફરનગર, જાલૌન, ઝાંસી, કાનપુર દેહત, શાહજહાંપુર, લલિતપુર અને સહારનપુરમાં પણ કરા પડ્?યા હતા.

ઉત્તારાખંડમાં ૨,૫૦૦ મીટરથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવા વરસાદની સાથે હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવેલી આગાહી મુજબ, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, ટિહરી, દેહરાદૂન, પૌરી, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની સાથે હિમવર્ષા થઈ શકે છે. અન્ય જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે. હવામાન કેન્દ્રના ડાયરેક્ટર બિક્રમ સિંહે કહ્યું કે માર્ચમાં સરેરાશ આટલો વરસાદ થતો નથી. આટલો વરસાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના ઝડપી વિકાસને કારણે થયો છે. માત્ર વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. ૪ માર્ચ બાદ રાજયભરમાં હવામાન સ્વચ્છ રહેશે.ઉત્તારાખંડમાં વરસાદ અને હિમવર્ષાને કારણે બદ્રીનાથ અને ગંગોત્રી હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. બદ્રીનાથમાં લગભગ પાંચ ફૂટ, હેમકુંડ સાહિબમાં છ ફૂટ અને કેદારનાથ ધામમાં બે ફૂટ બરફ છે.હિમાચલ પ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસથી મુશળધાર વરસાદ અને ભારે હિમવર્ષા ચાલુ છે. ઉપરવાસમાં સમસ્યાઓ વધી છે. લાહૌલ ખીણમાં ૯ જગ્યાએ અને કિન્નૌરમાં એક જગ્યાએ આઈસબર્ગો પડ્યા છે. લાહૌલના જસરથ ગામમાં દારા વોટરફોલ પાસે આઈસબર્ગ પડી જવાને કારણે ચેનાબ નદીનો પ્રવાહ ૧૨ કલાકથી બંધ છે. ટાંડી પુલ પાસે ટુપચિલિંગ ગોમ્પાની નીચે હિમસ્ખલનથી કેટલીક દુકાનોને નુકસાન થયું છે. ઉદયપુરથી લગભગ એક કિલોમીટર આગળ એક ટેકરી પરથી હિમપ્રપાત પણ થયો હતો, જેનો કાટમાળ ચેનાબ નદી સુધી પહોંચ્યો હતો. ચેનાબ નદીનો પ્રવાહ બંધ થવાને કારણે વહીવટીતંત્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. હિમાચલના કિન્નૌરમાં ભારે હિમવર્ષાના કારણે ૧૦૧ પ્રવાસીઓ ફસાયા છે. જો કે તમામ હોટલ સુરક્ષિત હોવાનું કહેવાય છે. તે જ સમયે, કેરળના ૨૦૦ પ્રવાસીઓ પણ જમ્મુ-કાશ્મીરના રામબનમાં ફસાયેલા છે.

હરિયાણાના કુરૂક્ષેત્ર જિલ્લાના બાબીના પોલીસ સ્ટેશન વિસ્તારના ખિરકી વિરાન ગામમાં સરસવના ખેતરમાં કામ કરતી વખતે વીજળી પડવાથી માતા સરોજ (૫૨) અને પુત્ર રમણ સૈની (૨૮)નું મૃત્યુ થયું હતું. મહિલાનો પતિ નજીકના ખેતરમાં કામ કરતો હતો. જયારે તેણે એલાર્મ વગાડ્યું, ત્યારે આસપાસના લોકો એકઠા થઈ ગયા અને માતા અને પુત્રને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જયાં ડોક્ટરોએ બંનેને મૃત જાહેર કર્યા. રાજયના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને કરા સાથે હવામાન ખરાબ રહ્યું છે.

જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં ભારે વરસાદને કારણે એક મકાન ધરાશાયી થયું. તેના કાટમાળ નીચે એક મહિલા અને ત્રણ બાળકીઓ સહિત છ લોકો દટાયા હતા. જેમાં મહિલા અને ત્રણ બાળકીઓના મોત થયા હતા, જયારે પરિવારના બે વૃદ્ધ સભ્?યો ઘાયલ થયા હતા. રામબન જિલ્લામાં ભૂસ્ખલનને કારણે ૨૭૦ કિલોમીટર લાંબો જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ થઈ ગયો છે. જેના કારણે કાશ્મીર દેશના અન્ય ભાગોથી કપાઈ ગયું છે. રામબનમાં કેરળના ૨૦૦ પ્રવાસીઓ સહિત મોટી સંખ્યામાં પ્રવાસીઓ રસ્તામાં ફસાયેલા છે. જો કે તમામ સુરક્ષિત સ્થળોએ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ યશ માર્કેટમાં ૪ દુકાનોના તાળા તુટ્યા

દાહોદ

દાહોદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી તસ્કરોનો આતંક જોવા મળી રહ્યો છે. સમયાંતરે ચોરીના બનાવોથી શહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.જે ફરીથી તસ્કરો જાણે પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ દાહોદ શહેરમાં આવેલા યશ માર્કેટમાં એક જ રાતમાં ચાર જેટલી દુકાનોના તાળા તોડ્યા હતા. વહેલી સવારે જયારે વેપારીઓ રાબેતા મુજબ પોતાની પેઢી પર આવ્યા ત્યારે ચોરીની જાણ થઈ હતી જે બાદ આસપાસમાં તપાસ કરતા ૪ જેટલી દુકાનોના તાળા તુટયા હોવાનુ સામે આવ્યુ હતુ. આ દુકાનોમાં રહેલી રોકડ સિલ્ક આશરે એક લાખથી વધુ તેમજ સીસીટીવીનુ ડીવીઆર પણ તસ્કરોએ ઉઠાવીને ફરાર થઈ ગયા હતા. જેના પગલે વેપારીઓમાં ભયનો માહોલ ફેલાયો છે. ચોરીની ઘટનાને ગંભીરતાથી લઈ રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારવામાં આવે તેમજ શહેરમાં લાગેલા સીસીટીવીનુ મોનીટરીંગ કરી ચોરીની ઘટના ઉપર અંકુશ મેળવવામાં આવે તે જરૂરી બન્યુ છે.

# કમોસમી વરસાદને લઈ દે.બારીઆ તાલુકામાં ખેતીના પાકને મોટુ નુકસાન

દે.બારીઆ,

દે.બારીઆ પંથકના વાતાવરણમાં અચાનક પલટો થતાં ધોધમાર ચક્રાવાતી વરસાદ ખાબકયો હતો. જેને લઈ પંથકમાં મકાઈ, કપાસ સહિતના શાકભાજીના પાકોને ભારે નુકસાન થવા પામ્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકામાં ઓચિંતો વાતાવરણમાં પલ્ટો આવતા વહેલી સવારથી જ શિયાળાની મોસમ, બપોરે ઉનાળો અને સાંજના સમયે કે જાણે ચોમાસુ સત્રનુ આગમન થયુ હોય તેવુ વાતાવરણ બદલાઈ જતા ખેડુતોની ચિંતામાં વધારો થયો હતો. ઠંડા પવનો સાથે કમોસમી વરસાદ પીપલોદ, મોટીઝરી, અંતેલા, પંચેલા, ભથવાડા, સાગટાળા, દેગાવાડા, સહિતના મોટાભાગના ગામડાઓમાં માવઠાની મોસમ જામી વરસાદ ખાબકયો હતો. કેટલાક ખેડુતોના ખેતરમાં હજુ ઘઉં અને મકાઈનો પાક તૈયાર ઉભો પડયો છે.કયાંક કપાસ, સોયાબીન, તુવેર, મગ, મગફળી અને શાકભાજીનુ પણ મોટુ નુકસાન થયુ છે. વરસાદની શરૂઆત થતાં સમગ્ર વિસ્તારમાં વીજળી ગુલ થઈ જવા પામી હતી. પીપલોદ બજારમાં વીજળી ડુલ થઈ જતાં અંધારપાટ છવાયો હતો. આમ દે.બારીઆ તાલુકામાં કમોસમી વરસાદ થતાં ખેડુતોને મોટુ નુકસાન થવા પામ્યુ છે.

# લીમડી પોલીસે ૧,૦૦,૮૦૦ના દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો : બે આરોપી વોન્ટેડ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં અનઅધિકૃત રીતે ગેરકાયદેસર હેરાફેરી કરનાર આરોપીઓ સામે લીમડી પોલીસ સતત વોચ કરી રહેલ છે. લીમડી પોલીસ મથકના પી.એસ.આઈ વી.જે.ગોહેલ તેમજ સે.પો.સ.ઈ એમ.બી.ખરાડી સહિતની ટીમ સતત પેટ્રોલીંગ કરી દારૂ વેચતા બુટલેગરો પર લાલ આંખ કરી રહેલ છે. લીમડી પોલીસ દ્વારા સતત ત્રીજા દિવસે દારૂનો ગેરકાયદેસર જથ્થો મુદ્દામાલ સાથે પકડી સફળતા મેળવેલ છે.



લીમડી પોલીસ મથકના પીએસઆઈ પેટ્રોલિંગમા હતા. તે સમય દરમ્યાન તેમને સીમલખેડી ગામેથી વિદેશી દારૂ ભરી તુફાન ગાડી આવી રહેલ છે, તેવી બાતમી મળેલ હતી. મળેલ બાતમી મુજબ સીમલખેડી થી બાતમી મુજબ તુફાન ગાડી MP-44-BC-0477 આવી રહેલ હતી. તે ગાડીને રોકતા તપાસ કરતા તેમાં વિદેશી દારૂ મળી આવેલ હતો.

પોલીસ દ્વારા તુફાન ગાડીના ચાલક સેલુ કાળુ મુનીયા (રહે.બેડાવા, થાંદલા)ની અટકાયત કરવામાં આવેલ હતી અને અન્ય બે આરોપી પદ્યુ કટારા (રહે. પાડા ઘામંજર, થાંદલા) અને અમીત કાંતી નીનામા (કરંબા, સંજેલી)ને વોન્ટેડ જાહેર કરેલ હતા.

લીમડી પોલીસને તુફાન ગાડી માથી વિદેશી દારૂ તથા બીયરની કુલ ૨૦ પેટી મળી આવેલ હતી. જેમાંથી કુલ ૭૨૦ બોટલો જેની કિંમત ૧,૦૦,૮૦૦/- અને તુફાન ગાડીની કિંમત ૫,૦૦,૦૦૦/- થઈ કુલ ૬,૦૦,૮૦૦/- રૂપિયાનો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળેલ હતી.

# દે.બારીઅમાંથી પસાર થતાં સ્ટેટ હાઈવે પર ખાડા પડતા વાહનચાલકોને ભારે હાલાકી

દે.બારીઆ,

દે.બારીઆ નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે છેલ્લ કેટલાક વર્ષોથી ખખડધજ છે. તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા નગરજનો સહિત વાહનચાલકોને અનેક સમસ્યાનો ઉકેલ નહિ લવાતા આવતા-જતા વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. દે.બારીઆ નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે રસ્તો પીપલોદ રોડ જુના જકાતનાકાથી લઈ ભે દરવાજા સુધીનો રસ્તો ખખડધજ બનવા પામ્યો છે. આ સ્ટેટ હાઈવે સાત વર્ષ પહેલા તંત્ર દ્વારા ડામર રસ્તો ખોદીને આરસીસી રસ્તો બનાવ્યો હતો. જે નવીન રસ્તો બન્યો અને થોડાક જ સમયમાં આ રસ્તા ઉપરથી રસ્તાની કેપેસિટી કરતા વધુ ભારદાર વાહનોની અવર જવરના કારણે આ રસ્તો તુટી જતાં મોટા ખાડા પડી ગયા છે. હાલમાં રસ્તા ઉપર અનેક વાહનોની અવર જવર વધતા તેમજ ભારે વાહનો પણ રાત-દિવસ ધમધમી રહેવાના કારણે હાલ રસ્તો એટલો ખરાબ થઈ ગયો છે કે રસ્તા ઉપરથી દ્વિચકી તેમજ ફોર વ્હિલર ચાલકોએ આ રસ્તા ઉપરથી પસાર થવુ મુશ્કેલ બન્યુ છે. આ રસ્તાને લઈ સ્થાનિક તંત્રથી લઈ ઉચ્ચ સ્તરે અનેક રજુઆતો કરવામાં આવી છે. તેમજ આ રસ્તા ઉપરથી અનેક પદાધિકારીઓની અવર જવર હોવા છતાં પણ જાણે તંત્રના પેટનુ પાણી હાલી રહ્યુ ન હોય તેમ દેખાઈ રહ્યુ છે.

# દે.બારીઆમાં એસ.ટી.બસ સ્ટેન્ડ ખાનગી વાહનોનુ સ્ટેન્ડ બન્યુ

દે.બારીઆ,

દે.બારીઆ એસ.ટી.સ્ટેન્ડમાં ખાનગી વાહનચાલકો બેરોકટોક પેસેન્જરો ભરતા હોય તેમજ ખાનગી વાહનનુ પાર્કિંગ બન્યુ હોય એસ.ટી.સ્ટેન્ડ સ્થાનિક તંત્રની મિલીભગત કે આંખ આડા કાન કરવામાં આવતા હોય જેથી ઉચ્ચ સ્તરેથી તપાસ હાથ ધરવામાં આવે તો અનેક પોલ બહાર આવી શકે તેમ છે.

દે.બારીઆ તાલુકા મથકે આવેલ એસ.ટી.સ્ટેન્ડમાં અનેક નજીકના ગામોથી લઈ આંતરિયાળ વિસ્તારના લોકો મુસાફરી માટે એસ.ટી.નો ઉપયોગ કરતા હોવાથી એસ.ટી.સ્ટેન્ડમાં આવે છે. સ્થાનિક તંત્ર બેજવાબદાર બન્યુ હોય તેમ આ પેસેન્જર વાહનચાલકો બેરોકટોક કે કોઈનો ભય વિના એસ.ટી.પરીસરમાં પોતાના વાહનો પાર્ક કરી પેસેન્જર ભરતા હોય છે. એસ.ટી.સ્ટેન્ડમાં આવતા મુસાફરો ખાનગી વાહનચાલકો પોતાના વાહનમાં બેસાડી જવાથી સ્થાનિક બેજવાબદાર કર્મચારીઓના કારણે એસ.ટી.વિભાગને મોટી ખોટ ઉભી થતી હોય તેમ જોવાઈ રહ્યુ છે. બીજી તરફ એસ.ટી.સ્ટેન્ડ જાણ ખાનગી વાહનોનુ પાર્કિંગ સમાન હોય તે તેમ દિવસ દરમિયાન અનેક ખાનગી વાહનચાલકો પોતાના વાહનો અહિંયા પાર્ક કરી જતા હોય છે. આ ખાનગી પેસેન્જર વાહનો તેમજ ખાનગી વાહનોનુ પાર્કિંગ બનેલા એસ.ટી.સ્ટેન્ડના કર્મીઓની મિલીભગત કે પછી આંખ આડા કાન જેવા અને સવાલો ઉભા થયા છે.

# બોર્ડની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ માટે દે.બારીઆ તાલુકામાં મોડી રાત સુધી વાગતા ડી.જે.ના ઘોંઘાટથી ખલેલ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં ડીજે સાઉન્ડનુ ધ્વનિ પ્રદુષણ વધી ગયુ છે. તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાય તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે. મોડી રાત સુધી મોટા મોટા અવાજમાં થતા ઘોંઘાટને લઈ વિદ્યાર્થીઓને વાંચન વિક્ષેપ થઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકા સહિત અન્ય તાલુકામાં પણ હાલમાં લગ્નની સીઝનની શરૂઆત થઈ ચુકી છે. સાથો સાથ ચાંદલાવિધિ અને બાધા આખડીઓમાં પણ હવે દેશી ઢોલ શરણાઈ ભુલીને ડીજે સાઉન્ડનો અભરખો ગામડાની જનતાને લાગ્યો છે. હોળીના તહેવારો હવે નજીક આવી રહ્યા છે. હોળાષ્ટક બેસે તે પહેલા લગ્ન અને કોઈપણ બાધા આખડીઓ ગામડાના લોકો કરી રહ્યા છે. ત્યારે દેશી ઢોલ અને શરણાઈનો અવાજ મોડી રાત સુધી ગામમાં સંભળાતો હોય પણ હવે મોડી રાત સુધી ડીજે સાઉન્ડનો મોટો અવાજ ચાર ગામ સુધી સંભળાતો હોય છે. સરકારના નિયમો મુજબ કોઈ પરમીશન આ ડીજેવાળાઓ લેતા નથી. સરકારી ગાઈડલાઈન મુજબ અને જાહેર કરેલ પરીપત્ર મુજબ અવાજની નકકી કરેલ કોઈ માત્રાનો કોઈ માપ હોતુ નથી. હાલમાં એક તરફ ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ નજીક છે ત્યારે કયાંક કયાંક ડીજે સાઉન્ડવાળાઓ આખી રાત બોર્ડ પરીક્ષાની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મોટો ખલેલ પહોંચાડી રહ્યા છે.

# લીમખેડા ખાતે પિયરમાં રહેતી અમદાવાદની પરણિતાને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા નગરમાં પોતાના પિયરમાં રહેતી અને અમદાવાદ ખાતે લગ્ન કરેલ પરણીતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા આ મામલે પરણીતાએ દાહોદ મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યા હોવાનું જાણવા મળે છે.લીમખેડા નગરમાં માર્કેટ રોડ ખાતે રહેતા ૩૬ વર્ષીય નિરાલીબેન હેમંતભાઈ પરીખ ના લગ્ન તારીખ ૨૭.૦૫.૨૦૨૨ના રોજ અમદાવાદના ઓમ શાંતિ પ્લસ ગોલ્ડ નરોલા વટવા કેનાલ ખાતે રહેતા હેમંતભાઈ કિરીટભાઈ પરીખ સાથે સમાજના રીતિ રિવાજ મુજબ થયા હતા. ત્યારે નિરાલી બેનને લગ્નના થોડા સમય સુધી પતિ હેમંતભાઈ તથા સાસરી પક્ષના વર્ષાબેન કિરીટભાઈ પરીખ અને નિરવભાઈ કિરીટભાઈ પરીખ દ્વારા સારૂં રાખ્યા બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને પરણીતા નિરાલીબેનને અવારનવાર મેણા ટોણા મારી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી પરણીતા નિરાલીબેન સાથે મારઝૂડ કરતા હતા. આવા અમાનુષિત ત્રાસથી વાજ આવેલ પરણીતા નિરાલી બેન પોતાના પિયર લીમખેડા ખાતે આવી પહોંચ્યા હતા અને આ સંબંધે પરણીતા નિરાલી બેન હેમંતભાઈ પરીખ દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# ગરબાડા તાલુકા માંથી તરૂણીનું અપહરણ તરૂણીનું પિતાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

ગરબાડા,

ભીલોઈ ગામનો અશ્વિન કાળીયા પરમાર તા.૨૭ જાન્યુઆરીના રોજ સવારે ગરબાડા આશ્રમ શાળા પાસેથી ૧૪ વર્ષ અને ૬ મહિનાની તરૂણીને લલચાવી પટાવી ફોસલાવી પત્ની તરીકે રાખવા ભગાડી ગયો હતો. ભણવા ગયેલી તરૂણી મોડે સુધી ઘરે નહી આવતાં પરિવારે શોધખોળ કરી હતી. શોધખોળ દરમિયાન ભીલોઈ ગામનો અશ્વિન કાળીયા પરમાર પત્ની તરીકે રાખવા તરૂણીને ભગાડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તરૂણીના પિતાએ અશ્વિન કાળિયા પરમાર સામે ગરબાડા પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રિ વોકેશનલ અંતર્ગત વિવિધ સ્થળોની મુલાકાત કરતા પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાનાં બાળકો



લીમખેડા,

સમગ્ર શિક્ષા દાહોદ સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત, લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી.અગારા (ઉ)માં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના ધોરણ - ૬ થી ૮ ના બાળકો માટે પ્રિ વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત પરમારના ખાખરીયા ગામમાં આવેલ વિવિધ દુકાનની મુલાકાત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ચૈડિયા, હસ્ત કલાથી જુદી જુદી ચીજ વસ્તુઓ બનાવતી સહજ સંસ્થાની મુલાકાત, રામદેવ પીર મહારાજ મંદિર કાચલા, ઔધોગિક તાલીમ સંસ્થા (I.T.I) લીમખેડા, પોલીસ સ્ટેશન લીમખેડા, લીમખેડા સરકારી ગાર્ડન નર્સરી જેવા વિવિધ સ્થળોની મુલાકાત તથા વિવિધ વ્યવસાયકારોની મુલાકાત કરી પ્રત્યક્ષ અનુભવ કરાવવામાં આવ્યો હતો. શિક્ષણ વિભાગની નવી પહેલ થકી ભવિષ્યમાં બાળકો આત્મ નિર્ભર બની શકે એટલા માટે રાજ્યની દરેક પ્રાથમિક શાળાઓ માંથી ધોરણ ૬ થી ૮ માટે આ પ્રિ વોકેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં થી ધોરણ-૬ થી ૮ના ૧૧૮ જેટલા બાળકો તથા શાળાનાં આચાર્ય સહિત સ્ટાફ પરિવારના ૦૭ શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# દાહોદ-ઈન્દોર નેશનલ હાઈવે ટીટોડી ગામે બાઈક ચાલક આગળ ચાલતી બાઈકને ટકકર મારતાં ત્રણને ઈજાઓ જેમાં મહિલાનું મોત



દાહોદ ,

દાહોદ તાલુકાના ટીટોડી ગામે ઈન્દોર નેશનલ હાઈવે પર એક મોટરસાયકલના ચાલકે આગળ જતી અન્ય એક મોટરસાયકલને પાછળથી ધડાકાભેર ટક્કર મારતા મોટરસાયકલ પર સવાર એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓને શરીરને ગંભીર ઈજાઓ પોસ્ટર જેમાં મહિલાનું મોત નીપજ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ત્રણ માર્ચના રોજ એક મોટર સાયકલનો ચાલક પોતાના કબજાની મોટરસાયકલ દાહોદ તાલુકાના ટીટોડી ગામેથી પસાર થતા ઈન્દોર નેશનલ હાઈવે પરથી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો ત્યારે ત્યાંથી અન્ય મોટરસાયકલ લઈ પસાર થઈ રહેલ મધ્યપ્રદેશના સુનિલભાઈ અમરસિંહ ખતેડિયા તથા તેમની મોટર સાયકલની પાછળ બેઠેલ કાનાભાઈ અને સુમનબેન અનિલભાઈ ખતેડિયાનાઓને પાછળથી ટક્કર મારતા ત્રણે વ્યકિતઓ મોટરસાયકલ પરથી ફંગોળાઈ જમીન પર ફટકાયા હતા. જેને પગલે ત્રણેયને હાથે પગે તેમજ શરીરે ગંભીર જીવલેણ બીજાઓ પહોંચતા જેમાં સુમનબેન નું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત સુનિલભાઈ અમરસિંહ ખતેડીયા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# પીપલોદથી વાડોદરને જોડતો માર્ગ ભારે વાહનોને કારણે બિસ્માર બન્યો

પીપલોદ,

પીપલોદથી વાડોદરને જોડતા રસ્તાનુ બંને સાઈડમાં ધોવાણથી ખાડા પડી ગયા છે. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોમાં ભય સેવાઈ રહ્યો છે. વાડોદર તરફના લોકોને પીપલોદ આવવા માટે વાયા અસાયડીથી ૪ થી ૫ કિ.મી વધુઅંતર કાપવુ પડે છે. આ રસ્તો શોર્ટકટ હોવાથી લોકો તેનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. જેથી સમય અને નાણાંનો બચાવ થાય છે. પ્રા.આ.કેન્દ્ર ગુણા ખાતે ફારમ, સાલીયા, અને ગુણા ગામના લોકો માટે મહત્વનો છે. કોરીડોર હાઈવેના કામકાજ માટે ગ્રીટના મટીરીયલ્સની ફેકટરી નજીકમાં આવેલી છે. જેના માલસામાન પરીવહન માટે રાખેલા ડમ્પર, ટ્રક, જેસીબી તેમજ તોતિંગ પૈડાવાળી ક્રેનો વગેરે અહિંથી પસાર કરવામાં આવતા હોવાથી આ રસ્તો વધારે ખરાબ થયો હોવાનો સ્થાનિક લોકોનો બપાળો છે. આસપાસના ગામોના સરપંચો, આગેવાનો અને સ્થાનિકો દ્વારા કન્સ્ટ્રકશન કોન્ટ્રાકટર અને કવોરીના માલિકોને લેખિત તથા મૌખિત રજુઆત કરી છે. જેના નિરાકરણમાં રસ્તાની બંને સાઈડમાં જરૂરી પુરાણ કરી બનાવી આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. આ વાતને બે વર્ષ વિતી ગયા છતાં પણ કોઈ સુદ્ધા દયાને લેવાયુ નથી. હાલ ગામડામાં લગ્નની સીઝન ચાલુ થઈ ગઈ હોવાથી કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલા જવાબદાર તંત્ર દયાને ધરી યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી બનવા પામ્યુ છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બાંડીબાર સેવા સહકારી મંડળી શાખા
તરફથી અભીનંદન....
મુ.નાની બાંડીબાર, ઘાંચીફળીયું.
તા. લીમેખડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રઈ દુધ ઉત્પાદ સહકારી મંડળી
તરફથી અભીનંદન....
મુ. રઈ,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બાંડીબાર સેવા સહકારી શાખા
તરફથી અભીનંદન....
મુ. મોટી બાંડીબાર, બજાર
ફળીયું.
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
માન્લી સેવા સહ.મંડળી શાખા
તરફથી અભીનંદન....
મુ.માન્લી,સહકારી દુકાન
ફળીયું,
તા. લીમખેડા,
જી. દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.163

# ગોધરા-લુણાવાડા રોડ એસ.આર.પી. ગૃપની સામે અંબિકા સોસાયટીમાં મારૂતીવાનમાં આવેલ બુકાની ધારને મહિલાએ પુછપછર કરતાં નાશી છુટીયા



ગોધરા,

ગોધરા શહેરના લુણાવાડા રોડ ઉપર આવેલા એસઆરપીની સામે અંબિકા નગર સોસાયટી આવેલી છે. જ્યાં ગઈકાલે બપોરના સમયે એક મારૂતિ વાનમાં પાંચ થી છ જેટલા બુકાનીધારી ઈસમો સોસાયટીની અંદર પ્રવેશ કરી આખી સોસાયટીમાં આટા ફેરા કરતા હતા. જેથી સોસાયટીમાં રહેતા સ્થાનિક રહીશો સહિત મહિલાઓએ તેમને પૂછપરછ કરતા તમામ મારૂતિ વાનમાં આવેલા બુકાનીધારી ઈસમો મારૂતિ વાન લઈને ભાગી છુટ્યા હતા.જે સમગ્ર ઘટનાનો વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. જ્યારે અંબિકા નગર સોસાયટી સ્થાનિક લોકો ગઈકાલે ધોળે દિવસે બનેલી ઘટનાને લઈને ગોધરા એ ડિવિઝન પોલીસ મથકમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ગોધરા શહેરના લુણાવાડા રોડ ઉપર આવેલા એસઆરપી ની સામે અંબિકા નગર સોસાયટીમાં ગઈકાલે બપોરના બેથી ચાર વાગ્યાની આસપાસ એક મારૂતિ વાનમાં પાંચથી છ જેટલા બુકાનીધારી શખ્સો સોસાયટીમાં પ્રવેશ કરી આટા ફેરા ફરીને કોઈ ગુનાહિત કૃત્ય કરવા માટે આવ્યા હતા.

જેમાંથી બે જેટલા ઈસમો નકાબ પહેરીને ચોરી કરવાના કરવાના ઈરાદે અથવા કોઈ ગુનાહિત કૃત્યને અંજામ આપવા માટે કોશિશ કરતા હતા.જેથી સોસાયટીની મહિલાઓએ બૂમાબૂમ કરતા મારૂતિ વાનમાં આવેલા ઈસમો ઊભી પુછડીએ નાસી છૂટ્યા હતા.

જ્યારે સમગ્ર ઘટનાને લઈને અંબિકા નગર સોસાયટીમાં રહેતા સ્થાનિક રહીશો સહિત મહિલાઓ અને બાળકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને ધોળે દિવસે પણ પોતાના ઘરની બહાર નીકળતા ગભરાઈ રહ્યા છે. ત્યારે ગઈકાલે ધોળા દિવસે અંબિકા નગર સોસાયટીમાં એક મારૂતિવાનમાં પાંચથી છ બુકાનીધારી ઈસમો ગુનાહિત કૃત્યને અંજામ આપવાનો સમગ્ર વિડીયો સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. ત્યારે અંબિકા નગર સોસાયટીના રહીશો સમગ્ર ઘટનાને લઈને ગોધરા શહેરના એ ડિવિઝન પોલીસ મથકમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે અને મારૂતિ વાનમાં આવેલા બુકાનીધારી શખ્સો સામે સીસીટીવીના આધારે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે માટે માંગ પણ કરી હતી.

ગોધરા શહેરમાં આવેલા મુસ્લિમ વિસ્તારમાં રખડતા કૂતરાઓની સમસ્યાને લઈને એ ગોધરા નગરપાલિકા પ્રમુખને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં દિન પ્રતિ દિન ગોધરા શહેરના મુસ્લિમ વિસ્તારમાં રખડતા કૂતરાઓ રસ્તામાંથી પસાર થતા રાહદારીઓ સહિત વાહન ચાલકોને રસ્તા ઉપર થી દોડાવી અને બચકા ભરવાની ઘટનાઓને લઈને આવા કુતરાઓને વહેલી તકે પાંજરે પૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે રજૂઆત સાથે માંગ પણ ઉઠવા પામી છે.

ગોધરા શહેરના મુસ્લિમ વિસ્તારમાં આવેલા મોટાભાગના વિસ્તારોમાં રખડતા કૂતરાના ત્રાસ વધી રહેલા છે, જેના કારણે રોડ ઉપર અવરજવર કરતા રાહદારીઓ અને વાહન ચાલકોને પાછળ દોડી બચાવ ભરવાને લીધે અકસ્માત જેવા ઘટનાઓ પણ બનતી હોય છે. ત્યારે સ્થાનિક લોકોની સલામતી અને સુરક્ષાની બાબતને લઈને અને અગામી દિવસોમાં મુસ્લિમ સમાજના લોકોનો પવિત્ર રમજાન માસની શરૂઆત થનાર છે. ત્યારે સવાર સાંજ દરમિયાન ઈબાદતા કરવા માટે મસ્જિદમાં જતા હોય છે. ત્યારે આવા સંજોગોમાં કોઈ જાનહાની ન થાય તે માટે રખડતા કૂતરાઓને પાંજરે પૂરવામાં આવે તે માટે નગરપાલિકા પ્રમુખને એડવોકેટ હસનેન પ્રેસ વાલા આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

# ગોધરા બામરોલી રોડ મારવાડી વાસ પાસે ફળિયામાંથી નીકળવા બાબતે તલવાર અને પાઈપ વડે હુમલો : બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી

ગોધરા,

ગોધરા બામરોલી રોડ મારવાડી વાસ હનુમાન મંદિર પાસેથી ફરિયાદી ચાલતો જઈ રહ્યો હતો ત્યારે આરોપીઓને તુ અહિંથી વારંવાર આટા મારે છે તેમ કહી ગાળો આપતા હોય ત્યારે હું કાયમ અહિંથી નીકળુ છુ અને આજે નીકળ્યો હોય તો શુ થયુ તેમ કહીતા આરોપી ઈસમો તલવાર, લાકડી, લોખંડની પાઈપ વડે માર મારી તેમજ વચ્ચે છોડાવવા પડેલ વ્યકિતને માર મારી ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફશ્રિયાદ નોંધાવવા પામી છે. જયારે સામે પક્ષે ફરિયાદીની બહેન ઉપર નજર રાખતો હોય અને ફળિયામાં નહિ આવવાનુ કહ્યાની અદાવત રાખી ઝઘડો-તકરાર કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા બામરોલી રોડ મારવાડી વાસ હનુમાન મંદિર પાસેથી ફરિયાદી જીગર ઉર્ફે બટકો જીતુભાઈ રાવળ ચાલતો હતો ત્યારે આરોપી ગોપાલભાઈ અમરાજી મારવાડી, રામુભાઈ મારવાડી, પ્રકાશભાઈ રમેશભાઈ મારવાડી, વિશાલભાઈ વિષ્ણુભાઈ મારવાડી, દશરથભાઈ કાળુભાઈ મારવાડી, તેને જોઈને તુ અહિંયા કેમ વારંવાર આંટા મારે છે તેમ કહી ગાળો બોલતા હોય જેથી જીગરે હું અહિંથી કાયમી નીકળુ છુ અને આજે નીકળ્યો હોય તો શુ થઈ ગવયુ તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. અને ઘરેથી તલવાર અને લોખંડની પાઈપો લઈ આવ્યા હતા. આરોપી રાજુભાઈ મારવાડી અને દશરથભાઈ મારવી તલવાર લઈ દોડી આવી તેમજ પ્રકાશ મારવાડીએ લોખંડની પાઈપ જીગરને માથામાં મારી ઈજાઓ પહોંચાડી શિવમ રાવળ વચ્ચે છોડાવવા પડતા આરોપી ઈસમે લોખંડની પાઈપ મારી ઈજાઓ કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવવા પામી છે. જયારે સામા પક્ષે અજયભાઈ સોમાભાઈ ભીલ એ ફરિયાદ આપી હતી કે, તેમાં જીગર રાવળ તેની બહેન પર ખરાબ નજર રાખતો હોય તે બાબતે એક દિવસ પહેલા ફળિયા બાજુએ નહિ આવવા જણાવેલ તે બાબતે અદાવત રાખી આરોપી જીગર રાવળ, શિવમ રાવળ, સાગર રાવળ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગોધરા ભુરાવાવ ચોકડી બાબા બરફાની પાન સેન્ટર પાસે નવ ઈસમો દ્વારા ૨૫ ફેબ્રુઆરીના રોજ કુલદીપ નામના યુવાનને ગુપ્ત ભાગે લાતો મારી મોત નીપજાવ્યાની ફરિયાદ

ગોધરા,

ગોધરા ભુરાવાવ ચોકડી બાબા બરફાની પાન સેન્ટર નામની દુકાન પાસે નવ આરોપી ઈસમોએ બે મરણ જનાર તેમજ અને સાહેદ સાથે થયેલ બોલાચાલીની અદાવત રાખી જાનથી મારી નાંખવાના માર મારી મરણ જનારને ગુપ્ત ભાગે લાતો મારી તેમજ માથુ ફેરવી દેવાને લઈ મરણ ગયેલ ફરિયાદી અને સાહેદને માર મારી નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા ભુરાવાવ ચોકડી બાબા બરફાની પાન સેન્ટર નામની દુકાન પાસે તા.૨૫ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી ૧૨ વાગ્યા સુધીના ગાળા પાસે નવ અજાણ્યા ઈસમો દ્વારા મરણ જનાર કુલદીપના સાથે થયેલ બોલાચાલીની અદાવત રાખી આરોપી ઈસમોએ બાદલ અને કુલદીપને જાનથી મારી નાંખવાના ઈરાદે ગડદાપાટુનો માર મારેલ. મરણ જનાર કુલદીપને ગુપ્ત ભાગે લાતો મારેલ તેમજ કુલદીપનુ માથું પકડી ફેરવી નાંખવાના કારણે મોત નીપજાવ્યુ હતુ અને બાદલ અને તેજસ લક્ષ્મણભાઈ પરમારને ગડદાપાટુનો માર મારી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ઘોઘંબાના રીછવાણીમાં ખાનગી વેપારીના દુકાનમાંથી સરકારી અનાજના ૧૪ કટ્ટા જિલ્લા પુરવઠા અધિકારીએ ઝડપ્યા

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા તથા તેમની ટીમ દ્વારા ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે આવેલ ખાનગી વેપારી રીયાઝખાન રશીદખાન મકરાણીની છુટક અનાજની દુકાન પર આકસ્મિક તપાસ હાથ ધરી હતી. ડીએસઓ એચ.ટી.મકવાણા દ્વારા દુકાનમાં તપાસ કરતા દુકાનમાં સરકારી ફોર્ટીફાઈડ તથા પારાબોઈલ્ડ ચોખાના ૧૦ કટ્ટા આશરે ૪૫૦ કિગ્રા તથા સરકાર ઘઉંના ૪ કટ્ટા આશરે ૨૦૦ કિગ્રા મળીને કુલ ૧૪ સરકારી અનાજના કટ્ટા મળી આવ્યા હતા. તેમજ તપાસમાં સંચાલક રીયાઝખાન રશીદખાન મકરાણી દ્વારા અનઅધિકૃત રીતે સરકારી ચોખા, તથા ઘઉંનો ખરીદ, વેપાર તથા સંગ્રહ કરતા હોવાનુ જણાતા કુલ રૂ.૨૨,૯૫૦/-નો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. વધુમાં દુકાનદાર દ્વારા ડાંગરનો સ્ટોક સરકારના પોર્ટલ પર રજીસ્ટ્રેશન ન કરી જથ્થો જાહેર કરેલ ન હોવાથી પુરવઠા વિભાગે ખાનગી વેપારી સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરવા(હ)ના કુવાઝર ગામે ડીગ્રી વગર દવાખાનું ચલાવતા તબીબને પોલીસે ઝડપ્યો



મોરવા(હ),

બિમારીઓથી પિડિત દર્દીઓ માટે ડોક્ટર તારણહાર ગણાય છે પરંતુ અમુક માન્યતા પ્રાપ્ત તબીબી શિક્ષણ અને પ્રમાણપત્રો વિના બોગસ સર્ટિફિકેટોને આધારે ડોક્ટર બનીને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોના ભોળપણ અને અજ્ઞાનતાનો ફાયદો ઉઠાવી કમાણી કરતા હોય છે. આવા એક બની બેઠેલા બોગસ ડોક્ટર મોરવા(હડફ)ના કુવાઝર ગામેથી ડોક્ટરની ડિગ્રી વગર દવાખાનુ ચલાવી પ્રેક્ટીસ કરતા ઈસમને ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી હતી.પંચમહાલ જીલ્લા મોરવા હડફ પોલીસ અને મોરવા હડફ તાલુકાના આરોગ્ય વિભાગના બ્લોક હેલ્થ ઓફીસર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં મોરવા હડફ તાલુકાના કુવાઝર ગામમાં એક યુવક ભાડાના મકાનમાં એલોપથી દવાઓની હાટડીઓ ખોલીને બોગસ ડોક્ટરો બની બેઠા હોવાની બાતમી મળતા બાતમીના આધારે મોરવા હડફ પોલીસ ના પીએસઆઈ સહિત આરોગ્ય વિભાગના બ્લોક હેલ્થ ઓફીસરને સાથે રાખીને બાતમી ધરાવતા તબીબી દવાખાનામાં દરોડા પાડતા મોરવા હડફ ખાતે આવેલ કુવાઝર ગામના બજારમાં ભાડાના મકાનમાં કલીનિક ખોલીને તબીબ બની બેઠો હતો.. પંચમહાલ જીલ્લાના પોલીસ અધિક્ષક હીમાંશુ સોલંકીએ માન્યતા પ્રાપ્ત ડોકટરની ડિગ્રી વગર કિલનીક ચલાવી તબીબી પ્રેકટીસ કરી એલોપેથીક દવાઓ આપી જનતાના સ્વાસ્થ્ય સાથે ચેઢા કરતા હોય તેવા ઈસમોને ઝડપી કાયદેસર કરવા સુચના નાયબ પોલીસ અધિક્ષક પી.આર.રાઠોડ આપી હતી જે સૂચનાના આધારે મોરવા(હ) પો.સ્ટે. પોલીસ સબ ઈન્સપેકટર આર.એસ.દેવરેને ખાનગી રાહે બાતમીદારથી બાતમી મળી હતી કે કુવાઝર ગામે બજારમાં ભબ્લોસભાઈ ઉપેન્દ્રોનાથ બિસ્વાસ હાલ રહેવાસી રાધાક્રિષ્ણા પાર્ક સોસાયટી પીપલોદ તા.દેવગઢ બારીઆ જી.દાહોદ મુળ રહે.વડોદરા નાનો કોઈપણ જાતની ડોક્ટરની સમક્ષ ડિગ્રી વગર મેડીકલ દવાખાનુ ચલાવી પ્રેક્ટીશ કરી લાયસન્સ વગર એલોપેથી દવાનો જથ્થો રાખી બિમાર દર્દીઓને સારવાર આપી ડોક્ટરની પ્રેક્ટીસ કરે છે.

જે મળેલ બાતમી આધારે પોલીસ સબ ઈન્સપેક્ટર આર.એસ.દેવરે તથા સ્ટાફના માણસો તથા હેલ્થ ઓફીસરની ટીમ સાથે કુવાઝર ગામે બજારમાં બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત ઈસમ હાજર મળી આવતા તેઓની પાસે ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરવા ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં કરાવેલ નોધણીપત્ર તથા એલોપેથિક દવાઓ આપવા માટે સમક્ષ ડિગ્રીની માંગણી કરતા પોતાની પાસે કોઈ ડિગ્રી કે નોંધણીપત્ર નહિ હોવાનું જણાવતા સદર ઈસમના દવાખાનામાંથી એલોપેથીક દવાઓ તથા મેડીકલ ઈન્સ્ટુમેન્ટ્સ મળી કુલ કિ.રૂ. ૪૨,૦૬૦/-નો મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# શહેરા સહિત જીલ્લામાં ફોરેસ્ટ વિભાગના વનરક્ષક અને વનપાલના પડતર પ્રશ્નોના નિકાલની આશા

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ફોરેસ્ટ વિભાગમાં ફરજ બજાવતા વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓ વિવિધ પડતર પ્રશ્નોને લઈને એકત્રીત થયા હતા. રાજ્ય સરકાર લોકસભાની ચૂંટણી પહેલા વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો વહેલી તકે નિકાલ કરે એવી આશા કર્મચારીઓ રાખી રહ્યા હતા.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ફોરેસ્ટ વિભાગમાં ફરજ બજાવતા વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓ વિવિધ પડતર પ્રશ્નોને લઈને એકત્રીત થયા હતા.આવનાર દિવસોમાં વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ આંદોલન કરી શકે તેવી શક્યતાઓ પણ જોવા મળી રહી છે. વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓ ના પડતર પ્રશ્નો જેવા કે વન રક્ષક/વનપાલની ભરતી બઢતી નો રેસીઓ વધારવા, લાયકાત ધરાવતા વન રક્ષક/વનપાલ ને સમયસર બઢતી આપવા, વન રક્ષક વનપાલને ૬૬૫/-ની જગ્યાએ બેઝિક પગાર મૂજબ રજા પગાર ચૂકવવા તેમજ રજા પગાર ૪૮ દિવસની જગ્યાએ વર્ષ ની મળવા પાત્ર તમામ જાહેર રજાનો રજા પગાર આપવા અને માંદગી સબબ/પતિ પત્નીના કેશમાં તેમજ અમુક પારિવારિક જવાબદારીના કારણે બદલી કરી આપવા સહિતના અન્ય મુદ્દાઓ નો સમાવેશ થાય છે. લોકસભાની ચૂંટણી પહેલા ફોરેસ્ટ વિભાગમાં ફરજ બજાવતા વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓની વિવિધ માંગણીઓની વહેલી તકે રાજ્ય સરકાર સ્વીકારે એવી આશા રાખી રહ્યા હતા.

# આગામી બોર્ડની પરીક્ષાઓને લઈને પંચમહાલ જીલ્લામાં ખંડ નિરીક્ષકની તાલીમ યોજાઈ

ગોધરા,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૧ થી ૨૬ માર્ચ, ૨૦૨૪ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)ની જાહેર પરીક્ષા યોજાનાર છે. પરીક્ષાઓની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજરોજ પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી કિરીટ પટેલના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ખંડ નિરીક્ષકની તાલીમ યોજાઈ હતી. જીલ્લામાં તમામ તાલુકા લેવલ પર ખંડ નિરીક્ષકની તાલીમનું આયોજન જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,પંચમહાલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ખંડ નિરીક્ષકને પરીક્ષા દરમિયાન કરવાની થતી કામગીરી તેમજ વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષાની અસરકારક, આયોજનબદ્ધ અને સમયમર્યાદામાં પરીક્ષા આપી શકે તેવા આશય સાથે તેમને મુંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શિત કરવા સહિત ૧૪૪ના જાહેરનામાં સબંધિત તાલીમનું આયોજન કરાયું હતું.

## આગામી બોર્ડની પરીક્ષાઓને લઈને પંચમહાલ જીલ્લામાં ખંડ નિરીક્ષકની તાલીમ યોજાઈ

ગોધરા,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૧ થી ૨૬ માર્ચ, ૨૦૨૪ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)ની જાહેર પરીક્ષા યોજાનાર છે. પરીક્ષાઓની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજરોજ પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી કિરીટ પટેલના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ખંડ નિરીક્ષકની તાલીમ યોજાઈ હતી. જીલ્લામાં તમામ તાલુકા લેવલ પર ખંડ નિરીક્ષકની તાલીમનું આયોજન જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,પંચમહાલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ખંડ નિરીક્ષકને પરીક્ષા દરમિયાન કરવાની થતી કામગીરી તેમજ વિદ્યાર્થીઓ તણાવમુકત વાતાવરણમાં પરીક્ષાની અસરકારક, આયોજનબદ્ધ અને સમયમર્યાદામાં પરીક્ષા આપી શકે તેવા આશય સાથે તેમને મુંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શિત કરવા સહિત ૧૪૪ના જાહેરનામાં સબંધિત તાલીમનું આયોજન કરાયું હતું.

# હાલોલમાં ભુગર્ભ ગટરની યોજનામાં ખોદેલ ખાડામાં ડી.જે.નુ વાહન અટવાયુ

હાલોલ,

હાલોલ નગર ખાતે છેલ્લા ચાર વર્ષથી રહેલી ભુગર્ભ ગટર યોજનાને લઈ કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે નગરમાં છાશવારે પાણીની લાઈન નાંખવા માટે ખોદેલા ખાડામાં વાહન ફસાવવાના બનાવો બની રહ્યા છે. જેમાં ગત મોડીરાતે એક શુભ પ્રસંગમાં જઈ રહેલ ડીજેનુ વાહન સ્વામિનારાયણ પોલીસ ચોકી નજીક ફસાયુ હતુ.

હાલોલ નગર ખાતે હાલમાં સ્વામિનારાયણ પોલીસ ચોકી વિસ્તારમાં ભુગર્ભ ગટર યોજનાની કામગીરી ચાલી રહી છે. જેમાં ખોદેલા ખાડામાં વ્યવસ્થિત રીતે ઈજારદાર દ્વારા પુરાણ થયુ નહિ હોવાના કારણે એક શુભ પ્રસંગમાં જઈ રહેલુ ડીજે તે ખાડામાં ફસાઈ ગયુ હતુ. જોકે પ્રસંગને લઈ ઉપસ્થિત લોકોએ ભેગા મળી ભારે જહેમત કરી હોવા ડીજે ખાડામાંથી નહિ નીકળતા તેમજ પ્રસંગનો સમય નજીક હોય તાત્કાલિક ધોરણે ખાડામાં ફસાયેલા ડીજેના ટાયરો બહાર કાઢવા ક્રેન મંગાવવામાં આવી હતી. તે બાદ ક્રેન દ્વારા ખાડામાં ફસાયેલ ડીજેને બહાર કાઢવામાં આવ્યુ હતુ. છેલ્લા ચાર વર્ષથી હાલોલ નગર ખાતે મંથરગતિએ ચાલતી ભુગર્ભ ગટર યોજાની કામગીરીથી અસંખ્ય વાહનો વારંવાર ખાડાઓમાં ફસાવવાના બનનાવોનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે જેને લઈ વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

# શિક્ષણની વાતઃ ભૂલકા મેળો-૨૦૨૪

## પંચમહાલ જીલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં ત્રિમંદિર, ભામૈયા ખાતે ભૂલકા મેળો યોજાયો



ગોધરા,

આઈ.સી.ડી.એસ શાખા જીલ્લા પંચાયત પંચમહાલ દ્વારા આયોજીત શિક્ષણની વાત અને ભૂલકા મેળો પંચમહાલ જીલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરાના અધ્યક્ષપદે ત્રિમંદિર, ભામૈયા ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત થકી કરાઈ હતી. આ પ્રસંગે નાના ભૂલકાઓએ ગીત-સંગીત-નૃત્ય-ચિત્ર વગેરેની મનમોહક રજૂઆત કરી હતી.જેમાં બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરાઈ હતી. ''પા પા પગલી''બાળકોના ભૂલકા મેળામાં ગીત-સંગીત-નૃત્ય-વાર્તાકથન-વેશભૂષા સહિતની પ્રવૃત્તિઓમાં બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો અને આ મેળાને મન ભરીને માણ્યો હતો.મહાનુભાવોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં દરેક તાલુકાની આંગણવાડીઓ દ્વારા આંગણવાડીના અભ્યાસક્રમને લગતા વિવિધ મહત્વના વિષયોને આવરીને ટિચિંગ અને લર્નિંગ મટીરીયલ રજૂ કર્યું હતું. જેના ઉપયોગથી બાળકોનો માનસિક, શારિરિક, બૌદ્ધિક, ભાષાકીય, સામાજીક, ભાવનાત્મક અને સર્જનાત્મક વિકાસ થાય છે.આ તકે PSE ઈન્સ્ટ્રકટરની સારી કામગીરી બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા હતા.ભૂલકા મેળામાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રોત્સાહન રૂપે સ્ટીલના ડબ્બા આપવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકરો દ્વારા બનાવવામાં આવેલ TLMનું મહાનુભાવો દ્વારા તેમજ નિર્ણાયકો દ્વારા ઝક્ખ નિદર્શન કરીને ૧ થી ૩ નંબર મેળવનારને પ્રમાણપત્ર તેમજ સીલ્ડ આપીને સન્માનિત કરાયા હતા. ભૂલકા મેળાનું મહત્વઃ- પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રોજેકટ ''પા પા પગલી'' અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને તેનું આંકલન કરવાનું થાય છે. તેમજ વાલીને તે અંગે માહિતગાર કરી બાળકના સર્વાંગી વિકાસની જાણકારી આપવાની રહે છે.આ સાથે તેમની બાળ ઉછેરમાં ભૂમિકા પણ સમજાવવી જરૂરી બને છે. બાળકોના સર્વાંગી વિકાસને દયાને રાખીને તૈયાર કરવામાં આવેલ આંગણવાડીના અભ્યાસક્રમ આધારિત શૈક્ષણિક સામગ્રી જે જાતે બનાવી શકાય અને ઘરમાં પણ ઉપલબ્ધ હોય તેવી સામગ્રીથી શીખવા અને શીખવાના સાધનોને રમતો બનાવી પ્રદર્શન રૂપે વાલીને માહિતી આપાય છે.

ભૂલકા મેળાનો હેતુ- વાલી મિત્રો બાળકના સર્વાંગી વિકાસ અને ડેવલોપમેન્ટ અંગે માહિતી મેળવી શકે. ઘરમાં શૈક્ષણિક વાતાવરણ પૂરૂં પડે.બાળક મુક્ત,આનંદ અને સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃતિઓ થકી અનુભવ મેળવી શકે.આંગણવાડીમાં નિયમિત આવવા બાબતે રસ અને ઉત્સાહ કેળવાય તે માટે ભૂલકા મેળાનું આયોજન કરાય છે

આ પ્રસંગે પંચમહાલ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કામિનીબેન સોલંકી, આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી, આંગણવાડીની બહેનો અને નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.